દિવ્ય ભાસ્કર, ફ્રંટ પેજ

તારીખ :- ૦૩/૦૪/૨૦૨૫

# IPL : મેચના દિવસે રાત્રે 12.30 વાગ્યા સુધી મેટ્રો મળશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલની ડે-નાઈટ મેચ દરમિયાન મેટ્રો રાત્રે 12.30 વાગ્યા સુધી દોડશે. મેચના દિવસોમાં રાત્રે 10 વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમથી એપીએમસી, ઓલ્ડ હાઈકોર્ટથી વસ્ત્રાલ, થલતેજ સુધી તેમજ ગાંધીનગર માટે ખાસ ટ્રેનો દોડાવાશે. રાત્રે 10 વાગ્યા પછી મુસાફરો માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ ટ્રેનમાં બેસી શકશે. જીએમઆરસી દ્વારા વિશેષ રૂ.50ની પેપર ટિકિટ ઉપલબ્ધ કરાવી છે. જેનો ઉપયોગ રિટર્ન મુસાફરી માટે કરી શકાશે. રાત્રે 10 વાગ્યા પછી માત્ર આ સ્પેશિયલ ટિકિટથી જ એન્ટ્રી મળશે.